મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૭૯ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં પાર્કીંગ સમસ્યાઓમાં ધરખમ વધારો

નો-પાર્કીંગમાં પણ વાહનોનો ધસારો : શહેરમાં ટ્રાફિક સમસ્યાઓ વધી : વાહનોનો વધારો એકમાત્ર કારણ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં દિવસેને દિવસે ટ્રાફિક સમસ્યાઓ વધતી જાય છે. ગ્રીન સીટી હવે ગીચ થઈ રહયું છે. વધતાં જતાં વિકાસના કારણે શહેરમાં વાહનોનું પ્રમાણ વધી ગયું છે. જયાં ટ્રાફિક પાર્ક ન કરવાના બોર્ડ લગાવ્યા હોય ત્યાં વાહનો પાર્ક થઈ રહયા છે. ગાંધીનગરમાં પણ હવે અમદાવાદ સીટી જેવા દ્રશ્યો જોવા મળી રહયા છે. સેકટર-૧૧ સુમન ટાવરના પાર્કીંગો, ગાંધીનગર મનપાની પાર્કીંગ જગ્યાઓ, સેકટર-૨૧માં બજારોમાં પાર્કીંગ વ્યવસ્થા અસ્તવ્યસ્ત જોવા મળી રહી છે. ટુ વ્હીલરો ગમે તેમ પાર્ક કરાયેલા જોવા મળી રહયા છે. રસ્તાઓની આસપાસ જયાં વાહનો પાર્ક ન કરવાના હોય તેવી જગ્યાઓ પર નાગરિકો પોતાના વાહનો પાર્ક કરીને જતાં ટ્રાફીક સમસ્યાઓ ઉભી થાય છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ પાર્કીંગની જગ્યાઓમાં વાહનો ઉભરાઈ જાય છે તેટલા બધા વાહનો રોજબરોજ શહેરમાં જે-તે સ્થળે પાર્ક કરવામાં આવી રહયા છે. જેમાં અસ્તવ્યસ્ત પાર્કીંગના કારણે નાગરિકો વચ્ચે બોલાચાલી પણ થઈ જાય છે. શહેરમાં પાર્કીંગ બાબતે નાગરિકોમાં યોગ્ય જાગૃતિ જેવું ન હોવાથી ટ્રાફિક સમસ્યાઓ થાય છે. કયાંક ટુ વ્હીલરવાળા પાર્કીંગમાં ફોર વ્હીલર પાર્ક હોય તો કયાંક ફોર વ્હીલર પાર્કીંગમાં ટુ વ્હીલર પાર્ક થયેલું હોય છે. તેમાં પણ નાગરિકો વાહનોને લાઈનમાં ન મુકતાં પાર્કીંગ સ્પેશ ખુટી પડે છે. જયાં રજાના દિવસોમાં ટ્રાફિકની સમસ્યા ઉભી થાય છે. શહેરમાં પથિકા ડેપોના પાર્કીંગમાં પણ વાહનો જયાં-ત્યાં પાર્ક કરવામાં આવી રહયા છે. જો કે ત્યાં તો હવે કોઈ દેખરેખ પણ નથી જેથી વાહનો ચોરી થવાનો પણ ભય રહે છે.

શહેરમાં વાહનોની ચોરી વધી રહી છે. દિવસે પણ વાહનોની ચોરી થઈ રહી છે. શહેરમાં સીસીટીવી કેમેરાઓ હોવા છતાં ચોરી કરતી ટોળકીઓ બેફામ બની છે. ગાંધીનગરમાં સરકારી કચેરીઓ અને ઓફીસમાં વાહનોના પાર્કીંગ સ્થળો પર ભંગાર હાલતમાં પડી રહેલા વાહનો જોવા મળી રહયા છે. જેનું કોઈ માલિક જ નથી તેવા વાહનો વર્ષોથી ભંગાર હાલતમાં પડી રહયા છે. જે બિનજરૂરી પાર્કીંગ પ્લેસ રોકી બેઠા છે. સરકારી કચેરીઓ અને ઓફીસોમાં આમ પણ વાહનોની સંખ્યા વધારે રહે છે પાર્કીંગમાં વાહનો જ વાહનો દુર દુર સુધી જોવા મળે છે. શહેરીજનોએ ટ્રાફીક ન થાય તેની કાળજી રાખીને પોતાના વાહનો યોગ્ય સ્થાને પાર્ક કરવા જોઈએ. જેથી શહેરમાં ટ્રાફીક સમસ્યાઓનું નિવારણ આપ મેળે જ થઈ જાય.

સ્વ.નટવરભાઈ હેડાઉની મરણોત્તર નવલકથા 'મેવાડના માર્કંડ'નું વિમોચન કરવામાં આવશે



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ અધ્યક્ષ અને ગુજરાત સાહિત્ય સંગમના અધ્યક્ષ સ્વ. નટવરભાઈ હેડાઉની મરણોત્તર નવલકથા 'મેવાડના માર્કંડ'નો વિમોચન કાર્યક્રમ રવિવાર, ૩૧ જૂલાઈના રોજ સાંજે પાંચ વાગ્યે સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર સેકટર-૭ ખાતે રાખવામાં આવ્યો છે. ગાંધીનગર સાહિત્યસભા અને ગુજરાત સાહિત્ય સંગમના સંયુક્ત ઉપક્રમે આ પુસ્તકનું વિમોચન રાખવામાં આવ્યું છે. આ પ્રસંગે પ્રવીણભાઈ જોષી, ગુર્જર પ્રકાશનના રોહિત શાહ, જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, ગાંધીનગર મેડિકલ એસોસિયેશનના પ્રમુખ ડૉ. અનિલ ચૌહાણ, ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત હાજર રહી 'મેવાડના માર્કંડ' પુસ્તકનું વિમોચન કરશે. કાર્યક્રમનું સંચાલન નવલકથાકાર કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવશે. આ વિમોચન કાર્યક્રમ સ્વ. નટવરભાઈ હેડાઉના પરિવારના સભ્યો મીનાબહેન, કિરણભાઈ, કરિશ્માબહેન, ચિરાગભાઈ દ્વારા કરવામાં આવ્યું છે. ગુજરાત સાહિત્ય સંગમના મહાસચિવ લલિત કુમાર અગ્રવાલે સૌ સાહિત્ય પ્રેમીઓને હાજર રહેવા આમંત્રણ પાઠવ્યું હતું.

મહાનગર ભાજપનું વિરોધ પ્રદર્શન

રાષ્ટ્રના પ્રથમ આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુ માટે કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી દ્વારા રાષ્ટ્રપત્ની જેવા અશોભનીય શબ્દના કરેલા ઉચ્ચારણને સખત શબ્દોમાં વખોડી ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ મહાનગર ભાજપ સંગઠન દ્વારા વિરોધ નોંધાવાયો હતો. સોનીયા ગાંધી માફી માંગે, આદિવાસી દીકરીનું અપમાન નહીં ચાલે, રાષ્ટ્રપતિનું અપમાન નહીં ચાલે, અધિર રંજન ચૌધરી માફી માંગે સહિતના પ્લેકાર્ડ દર્શાવી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કમલમ્ સે-૨૧ ખાતે આયોજિત વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં મહાનગર ભાજપના અધ્યક્ષ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, જિલ્લા ભાજપ પ્રમુખ અનિલ પટેલ, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, મહામંત્રીઓ, સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ જોડાયા હતા. મહાનગરના તમામ વોર્ડમાં ભાજપ દ્વારા કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ માટે કરેલ નિમ્નસ્તરની ટિપ્પણીને વખોડી વિરોધ પ્રદર્શન કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વૈજ્ઞાનિક રમકડાની કીટનુ વિતરણ

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આજ રોજ ૧૦ જેટલી શાળાઓને વૈજ્ઞાનિક રમકડાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થાય છે તેમાં વૈજ્ઞાનિક રમકડા તે બાળકોને ગમતી પ્રવૃત્તિ છે. ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ તથા મંથન એજ્યુકેશન સોસાયટીના અભય કોઠારી દ્વારા જેમાં વિજ્ઞાનના સિદ્ધાંતો સમાવેલા હોય તેવા વૈજ્ઞાનિક રમકડાની કીટ તૈયાર કરવામાં આવેલ છે નિસર્ગ સાયન્સ સેન્ટરની તમામ પ્રવૃત્તિઓમાં છેલ્લા પાંચ વર્ષથી જોડાયેલી રહેતી હોય તેવી ૧૦ સરકારી શાળાઓને આ કીટ માટે પસંદ કરવામાં આવી હતી. આ કીટના ઉપયોગ દ્વારા પચાસ જેટલા રમકડા બનાવી શકાય તેવી સુંદર સામગ્રી તેમાં છે. ડો.અનિલ પટેલે આ કીટ અને તેના ઉપયોગ અંગે નિદર્શન કર્યું હતું

આજથી સેક્ટર ૩૦ ની આંતરિક સ્ટ્રીટ લાઇટ્સ મેઇન્ટેનંસના કારણે ૧૦ દિવસ બંધ રહેશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર મહાનગર પાલિકાના હદ વિસ્તારમાં આવેલા સેક્ટર ૩૦ ખાતે ચોમાસામાં પાણી અને ગટરની સમસ્યાને ધ્યાને લઈને મેયર દ્વારા પાણી પુરવઠા, આર.એન.બી તથા મહાનગર પાલિકાના અધિકારીઓની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં આ વિસ્તારમાં તાત્કાલિક સમસ્યાના નિકાલ માટે સૂચના આપવામાં આવી હતી. જે અંતર્ગત પાણી તથા ગટરની લાઇનનું ખોદકામ કરવામાં આવ્યું હતું. જેમાં સ્ટ્રીટ લાઇટના કેટલાક વાયરને તૂટ્યા હોવાથી તેને બદલવાની કામગીરી કરવામાં આવી રહી છે.

જેથી આ વિસ્તારમાં ૧૦ દિવસ માટે સ્ટ્રીટ લાઇટ બંધ રાખવામાં આવશે. જેમ જેમ વાયર બદલવાની કામગીરી પૂર્ણ થતી જશે તેમ તબક્કાવાર સ્ટ્રીટ લાઇટ શરૂ કરવામાં આવશે. જેની જાહેરજનતાએ નોંધ લેવા તથા સહયોગ કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવી હતી.

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે. ૧૬ના પ્રાંગણમાં 'શ્રાવણોત્સવ

ગાંધીનગર, તા. ૨૮

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, સે. ૧૬ના પ્રાંગણમાં શ્રાવણોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આખા શ્રાવણમાસ દરમિયાન અભિષેકાત્મક મહારૂદ્ર કરવામાં આવશે. જેમાં અનેક વિશેષ પૂજનો પણ કરાશે. જેમ કે ૧૦૦૦ કમળ પુષ્પ પૂજા, સવાલાખ બિલીપત્ર, સવાલાખ મહા મૃત્યુંજય મંત્રજાપ, પંચવકત્ર મહાપૂજા, પ્રદોષ પૂજન, બીલ્વપત્ર, સવાલાખ સહસ્ત્રાચર્ન-૧૦૮ લીટર ગાયના દૂધનો અભિષેક, પાર્થેશ્વર શિવલીંગ પૂજા, બિલીપત્ર વૃક્ષારોપણ, સંગીતમય સુંદરકાડ, હોમાત્મક લઘુરૂદ્ર, અન્નકૂટ, મહાભોગ, બ્રહ્મભોજન તથા દર સોમવારે દિપમાળા, શ્રૃંગાર અને ૧૦૮ દિવાની મહાઆરતી પણ કરવામાં આવશે. વિશ્વ શાંતિ અને વિશ્વ કલ્યાણ માટે આ મહાઅનુષ્ઠાન શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર અને સોમનાથ મહાદેવના શુભ સંકલ્પ, સહકાર અને શુભેચ્છાથી યોજાઈ રહ્યુ છે.

જેમાં પ્રથમ દિવસે પિનાકીન રાવલ અનુષ્ઠાનના મુખ્ય સંકલ્પ લઈ વિધિવત પૂજા અભિષેક કરી શ્રાવણોત્સવ અનુષ્ઠાનનો પ્રારંભ કરાવશે.

સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં બે દિવસ ઈલાયચી-લવિંગના હિંડોળા યોજાશે

ગાંધીનગર, તા.૨૭

સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં દરરોજ વિવિધ કલાત્મક હિંડોળામાં ભગવાનને ઝુલાવવામાં આવે છે. જેમાં ઈલાયચી અને લવિંગના કલામય હિંડોળામાં ભગવાનના દર્શન થઈ રહયા છે. તા.૨૮ અને ૨૯ બે દિવસ હિંડોળાનો દર્શનનો લાભ સવારે ૫ થી ૮.૧૫ સુધી દરરોજ અને શ્રાવણ માસમાં સાંજે ૭.૪૫થી ૯.૩૦ શ્રીમદ ભાગવત દશમસ્કંધ કથા સત્સંગનો શાસ્ત્રી સ્વામિ હરીકેશવદાસજીના મુખે યોજાશે.

એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં માતૃ-પિતૃ પૂજન દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૮

વેદ ઈન્ટિગ્રેડેટ કેમ્પસ દ્વારા સંચાલિત એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં માતૃ-પિતૃ પૂજન દિવસ ઉજવવામાં આવ્યો હતો. જેમાં બાળકોને હંમેશા માતા-પિતાનો આદર કરી તેમને સન્માન આપવાની ભાવના કેળવવામાં આવે છે. શાળા દ્વારા સૌપ્રથમ માતા પિતાને સમર્પિત એવું સુંદર મજાનું ગીત, ડાન્સ તથા માતૃ પિતૃ વંદનને અનુરૂપ શ્લોક ઉચ્ચારણ કરી માતા-પિતાની પૂજા અર્ચના કરાવવામાં આવ્યા હતા તથા બાળકો પાસે વચન લેવડાવ્યા હતા કે હંમેશા માતા પિતાની સેવા કરી તેમને સન્માન આપી હંમેશા તેમનો દરજજો ઉચ્ચ રાખે અને પ્રેમભાવ થી રહે. અને તેમને દરેક કાર્યમાં મદદ કરે. માતૃ પિતૃ વંદના દિવસ દ્વારા દરેક માતા પિતાની આંખો હર્ષાસુથી ભરાઈ આવી હતી અને કાર્યક્રમ સફળ રહ્યો હતો.

સે-૨૬ બ્રહ્મ સમાજ દ્વારા શિવ મહિમ્ન પાઠનું આયોજન

ગાંધીનગર તા.૨૭

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૬ શાખા દ્વારા હાલના કોરોનાના સંજોગોના કારણે આ વર્ષે પવિત્ર શ્રાવણ માસ દરમિયાન શિવ મહિમ્ન પાઠનું આયોજન સંતોષી માતાજી મંદિર સે-૨૫ ખાતે દર શ્રાવણ માસના પ્રથમ દિવસ તા.૨૯ જુલાઈના રોજ અને ત્યારબાદ શ્રાવણના દર સોમવારે રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન તેમજ અમાસના દિવસે ગ્રીન સીટી સેકટર-૨૬ હનુમાનજી મંદિરમાં પ્રસ્થિત વૈજનાથ મહાદેવ મંદિરમાં યોજાશે.

શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨ ખાતે હિંડોળા દર્શનનું આયોજન

શ્રી સ્વામિનારાયણ મંદિર, સે. ૨ ગાંધીનગર ખાતે તા. ૨૭-૮-૨૨થી સુધી અલગ અલગ હિંડોળા પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમ કે હિરના હિંડોળા, ઝૂલતા હિંડોળા, બાર બારણાના હિંડોળા, ભવ્ય અક્ષર ઓરડી, વિશાળ ઝૂલા ઉપર ઝૂલતા ઠાકોરજી, ચકડોળમાં ઝૂલતા ઠાકોરજી, સ્વહસ્તે શ્રી નિલકંઠવર્ણીને જળાભિષેક, માણકી ઘોડીના તેમજ અન્ય કલાત્મક ૨૪ હિંડોળાના દર્શન-પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો સમય સવારે ૮ થી ૧૨ અને સાંજે ૪ થી ૮ સુધીનો રહેશે.

જન્મદિને વધામણી

એન.પી.પટેલ
પ્રમુખ-કલાગુર્જરી
મો : ૯૯૨૫૦ ૩૨૬૧૮

નિલેશ પુરુષોત્તમભાઈ શર્મા
મો. ૯૭૧૪૪ ૭૫૫૨૫

હિરબા ભાનુસિંહ બિહોલા
મો. ૯૮૨૫૩ ૦૯૧૩૦

ભગવતી શૈલેન્દ્રસિંહ સોલંકી
મો. ૯૯૧૩૭ ૭૪૨૨૮

રાણા જયવીરસિંહ અશોકસિંહ
મો. ૮૪૦૧૦ ૯૮૩૧૧

અલ્પેશ કાનુગા

ભગવતીબેન પટેલ
મો. ૯૮૨૪૨ ૭૨૮૫૨

સંધ્યા શ્રવણકુમાર મારવાડી
મો. ૯૫૭૪૮ ૨૧૦૭૨

નિસર્ગ ભરતભાઈ ગાંગાણી
મો. ૯૦૧૬૩ ૫૮૧૪૯

ઋષિકેશ માંડલીયા
મો. ૮૧૪૦૧ ૦૪૨૦૩

રુદ્રસિંહ સુધીરસિંહ ચાવડા
મો. ૯૭૧૨૭ ૩૪૩૪૦

શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ'' અંતર્ગત શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં અષાઢ વદ અમાસ - શ્રી સદ્ ગુરુ દિનની ઉજવણી તથા સૂકામેવાના કલાત્મક મનોરમ્ય હિંડોળો સજાવટ કરવામાં આવી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.ઠાકોર સોમાજી બેચરજી** ઉ.વ.૬૮, તારાપુર
- **સ્વ.આચાર્ય વિનુબેન ફરશુરામ** ઉ.વ.૮૨, સેકટર-૩૦
- **સ્વ.પટેલ અશોકભાઈ ગુણવંતરાય** ઉ.વ.૬૮, ઝુંડાલ
- **સ્વ.રાજપુત કચાન રાજુભાઈ** ઉ.વ.૦૩, સેકટર-૨૭
- **સ્વ.ઠાકોર કુંવરજી કડવાજી** ઉ.વ.૪૧, ઈરાણા, કડી
- **સ્વ.રબારી હીરાબેન લીલાભાઈ** ઉ.વ.૯૬, પીંડારડા
- **સ્વ.દંતાણી ભગાભાઈ દલાભાઈ** ઉ.વ.૩૨, સે-૨૮, છાપરામાં

● રૂદ્રભુમિ ●

- **સ્વ.વ્યાસ પીનાબેન પંકજકુમાર** ઉ.વ.૫૦, સેકટર-૫